તારીખ : 17/11/2026

સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિરના ૨૫મા રજત જયંતિ મહોત્સવમાં ભક્તોની અભૂતપૂર્વ શ્રોતાજનો

વક્તાશ્રી



પ.પુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી
વેદાંતાચાર્ય, એમ.એ.
(વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, બોરસદ)



સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી
અથાણાવાળા - સાળંગપુર

સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિરના ૨૫મા રજત જયંતિ મહોત્સવમાં આજે ભક્તોની માનવ મેદની ઉમટી પડી હતી. ધામધૂમથી યોજાયેલા આ વિશેષ કાર્યક્રમમાં સવારથી










સાંજ સુધી ભક્તિભાવ અને આનંદનો માહોલ છવાયેલો હતો.સવારે સાડા સાત વાગ્યે પેંડા-બરફીનો અન્નકૂટોત્સવ યોજાયો હતો. ભગવાનને અર્પણ કરાયેલા આ મીઠા પ્રસાદની વહેંચણીમાં હજારો ભક્તોએ ભાગ લીધો હતો. બપોરે બાર વાગ્યે શ્રી રામ જન્મોત્સવની વિધિ સંપન્ન થઈ હતી, જેમાં ભક્તોની મોટી સંખ્યાએ હાજરી આપીને રામભક્તિનું ગાન કર્યું હતું.સાંજે પાંચ વાગ્યે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણના જન્મની આ વિધિ દરમિયાન મંદિરમાં ભક્તિના સૂર







ગુંજી ઊઠ્યા હતા. સાંજે સાડા આઠ વાગ્યે વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કૂલના આંદોત્સવ પ્રોગ્રામનું આયોજન કરેક છે.., જેમાં વિદ્યાર્થીઓના કલાત્મક પ્રસ્તુતિઓથી કાર્યક્રમ વધુ રંગીન બન્યો હતો.રજત જયંતિના આ મહોત્સવમાં સ્થાનિક તેમજ આસપાસના વિસ્તારોમાંથી આવેલા હજારો ભક્તોએ ભગવાનના દર્શન કરીને આધ્યાત્મિક આનંદ મેળવ્યો હતો. મંદિર વહીવટી મંડળે જણાવ્યું હતું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સમાજમાં ભક્તિ અને એકતાનો સંદેશ ફેલાવવામાં આવી રહ્યો છે.આ કાર્યક્રમની સફળતા માટે મંદિરના સંતો, સેવકો અને ભક્તોનું સહકાર પ્રશંસનીય રહ્યું છે.



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

હા...હા... ઈનામો સોનિકમાં ભાગ લીધેલ ગ્રાહકમિત્રો માટે જ આવશે...હા...હા...હા...

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭





















T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.કે. NEWS

તારીખ : 17/11/2026





શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલામાં ભવ્ય અન્નકૂટ મહોત્સવની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાના પવિત્ર વારસાને ઉજાગર કરતા ભવ્ય અન્નકૂટ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી ગુરુકુળ માં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ કરવામાં આવી હતી.આ પ્રસંગે ગુરુકુળના વડા પૂજ્ય શાસ્ત્રી સ્વામી ભગવતપ્રસાદદાસજી તથા ગુરુકુળ ના મેનેજીંગ ટ્રસ્ટી પૂજ્ય સ્વામી અક્ષરમુક્તદાસજીની પાવન ઉપસ્થિતિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફરસાણ, ફળો અને સ્વાદિષ્ટ વ્યંજનો સહિત વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.વિવિધ રંગો અને સ્વાદની અસંખ્ય વાનગીઓથી સુશોભિત અન્નકૂટે સૌનું મન મોહી લીધું હતું. ભગવાનનાં દિવ્ય અન્નકૂટ દર્શનનો લાભ સંતો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા હરિભક્તોએ લીધો હતો. સમગ્ર ગુરુકુળ પરિસર ભક્તિ, શ્રદ્ધા અને આનંદના દિવ્ય માહોલથી ગુંજી ઊઠ્યો હતો.આ પ્રસંગે પૂજ્ય સંતોએ અન્નકૂટ મહોત્સવનું આધ્યાત્મિક મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, જીવનમાં ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા, અન્નનો આદર, ભક્તિભાવ અને સેવાભાવ જેવા ગુણોનું વિશેષ મહત્ત્વ છે. અન્નકૂટ માત્ર વિવિધ વાનગીઓનો ઉત્સવ નથી, પરંતુ ભગવાન પ્રત્યેની શ્રદ્ધા, સમર્પણ અને કૃતજ્ઞતાની અભિવ્યક્તિ છે.શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા આધુનિક શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કાર, સંસ્કૃતિ, ભક્તિ અને નૈતિક મૂલ્યોનું સિંચન થાય તેવા વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.આમ, ભક્તિ અને આનંદના અનોખા સંગમ સમાન અન્નકૂટ મહોત્સવની ઉજવણી સૌના સહયોગ અને ઉત્સાહ સાથે હર્ષોલ્લાસભેર સંપન્ન થઈ હતી.

તારીખ : 17/11/2026

સાવરકુંડલા નાગરિક સહકારી બેંક ના પૂર્વ એમ.ડી ગુજરાત રાજ્ય ખાદીગ્રામોદ્યોગ સંઘના ચેરમેન ગુજરાત ની અનેક સંસ્થાઓના ટ્રસ્ટીશ્રી સૌરાષ્ટ્ર કચ્છ સમસત બ્રહ્મ સમાજ ના ટ્રસ્ટી

પરાગ ત્રીવેદી

એ 50 વર્ષ પૂર્ણ 51 માં જન્મદિવસ પસંગે મિત્રો, શુભેચ્છકો દ્વારા અભિનંદનનો ધોધ વછૂટ્યો છે





પરાગ ભાઈ ત્રિવેદી ને

જન્મદિવસના ખુબ ખુબ અભિનંદન







સાવરકુંડલા ના ગાંધીવાદી સ્વર્ગસ્થ હર્ષદભાઈ ત્રિવેદીના સપુત્ર પરાગ ત્રિવેદી પિતાશ્રીના નકશે કદમ પર સેવા ના ધ્યેયથી સહકારી ક્ષેત્રમાં અગ્રેસર રહીને પરાગ ત્રિવેદી અમરેલી જિલ્લાના બ્રહ્મ સમાજમાં સારી એવી લોકચાહના પ્રાપ્ત કરી છે પરાગ ત્રિવેદી 2004 થી ભારતીય જનતા પાર્ટીમાં નાની મોટી જવાબદારીઓ નિભાવી રહ્યા છે 2010 થી સાવરકુંડલાની નાગરિક સહકારી બેંકનું કામ સંભાળી નાગરિક બેંકને એન.પી.એ. માંથી બહાર કાઢવામાં સુંદર ચેરમેન પદે સેવા આપીને એક અગ્રણી સહકારી સંસ્થાની નાગરિક બેંકને આગળ લાવવાનું પુરુષાર્થ કરનારા આખા જિલ્લામાં અગ્રેસર રહેવાનું કાર્ય કરનાર પરાગ ત્રિવેદી ગુજરાત ખાદી ગ્રામ ઉદ્યોગ સંસ્થાના સંઘના ચેરમેન પદે હાલમાં જવાબદારી નિભાવ રહ્યા છે સાવરકુંડલા રાજકોટ અમદાવાદની સંસ્થાઓમાં પણ ટ્રસ્ટી તરીકેની જવાબદારી નિભાવતા ભાજપના પાયાના પથ્થર ગણાતા પરાગ ત્રિવેદી ભાજપની દરેક સભાઓનું સંચાલન પરાગ ત્રિવેદી સંભાળતા હોય પોતાના અવાજ અને વાત કરવાની આગવી કળામાં માહેર પરાગ ત્રિવેદી ભાજપના દરેક નાની મોટી સભાઓનું સંચાલન કરતા આવતા પરાગ ત્રિવેદી એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સભાનું પણ સંચાલન કરી ચૂક્યા છે ત્યારે આજે તેમના જન્મદિવસના અવસર પર રાજકીય, સામાજિક, સહકારી સહિતના વિશાળ મિત્ર વર્તુળ ધરાવતા પરાગ ત્રિવેદી ના **મોબાઈલ નંબર 9879996999** પર અભિનંદન નો ધોધ ચાલુ થયો છે

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

તારીખ : 17/11/2026

સાવરકુંડલાના ધાંડલા ગામે શ્રી ધર્મકુળ પધરામણી મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો

સાવરકુંડલા તાલુકાના ધાંડલા ગામે તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૬ મંગળવારના રોજ શ્રી ધર્મકુળ પધરામણી મહોત્સવની ભવ્ય અને ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ભાવિકોએ મહારાજશ્રીનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.આ ધાર્મિક મહોત્સવમાં સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંતો-મહંતો તેમજ ધાંડલા ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર આયોજન દરમિયાન ભક્તિ, શ્રદ્ધા અને ધર્મભાવનાનો માહોલ છવાયો હતો. મહારાજશ્રીના પાવન સાનિધ્યથી સમગ્ર પંથકમાં આધ્યાત્મિક ઉલ્લાસ જોવા મળ્યો હતો.







નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru

908 124 1916

"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 17/11/2026

અમરેલીના લાલાવદરમાં શ્રી રામદેવજી મહારાજના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવપૂર્વક યોજાયો





અમરેલી તાલુકાના લાલાવદર ગામે શ્રી રામદેવજી મહારાજના મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ધાર્મિક માહોલમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે ઉપસ્થિત રહી મહાનુભાવોએ શ્રી રામદેવજી મહારાજનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. મહોત્સવમાં સંતો-મહંતો, ગામના વડીલો તેમજ ધર્મપ્રેમી ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.આ ધાર્મિક પ્રસંગે સતાધારના મહંતશ્રી વિજયબાપુ, ગુજરાત સરકારના ઉર્જા, પેટ્રોકેમિકલ્સ અને ન્યાયતંત્ર વિભાગના મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા, પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખશ્રી હિરેનભાઈ હિરપરા, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી અતુલભાઈ કાનાણી, જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી રાજુભાઈ ભૂતૈયા, ગામના સરપંચ અને કાર્યક્રમના આયોજક શ્રી ચેતનભાઈ ધાનાણી સહિત શ્રી દિવ્યેશભાઈ વેકરિયા, શ્રી જીતુભાઈ પાઘડાળ, શ્રી મનસુખભાઈ ગાંગડીયા, શ્રી રણજીતભાઈ વાળા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર મહોત્સવ દરમિયાન ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રદ્ધા, આસ્થા અને ધર્મભાવનાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. રામદેવજી મહારાજના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરાઈ હતી.



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય સ્વામિનારાયણ



ભાવભર્યું જાહેર આમંત્રણ

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરનાં

રજત જયંતી મહોત્સવ નિમિત્તે શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ધર્મ, ભક્તિ અને સંસ્કૃતિના મહાસંગમ સાથે મનોરંજન માટે ભવ્ય લોક મેળાનું આયોજન

વકતાશ્રી



પ.પુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી
વેદાંતાચાર્ય, એમ.એ.
(વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, બોરસદ)



સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી
અથાણાવાળા - સાળંગપુર

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે આયોજિત ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહના પવિત્ર આયોજન કરવામાં આવ્યું છે.

કથા સમય : સવારે ૮:૩૦ થી ૧૧:૩૦, બપોર પછી ૩:૩૦ થી ૬:૩૦ કલાકે

આજરોજ તા. ૧૭/૧૧/૨૦૨૬, મંગળવારનાં કાર્યક્રમો

વાત્સલય ઈન્ટરનેશનલ સ્કુલ આનંદોત્સવ (કલચરલ પ્રોગ્રામ) રાત્રીના ૮:૩૦ કલાકે

પેંડા બરફીનો અન્નકુટોત્સવ

સવારે ૭:૩૦ કલાકે શ્રી સ્વામીનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે સાવરકુંડલા શહેર તથા આસપાસના તમામ સનાતની ધર્મપ્રેમી નગરજનો, ભકતજનો, યુવાનો અને પરિવારજનોને ભાવભર્યું જાહેર આમંત્રણ છે.

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

કે.કે NEWS

તારીખ : 17/11/2026

રાજુલા BAPS મંદિરે અન્નકૂટ દર્શનનો ભક્તિમય મહોત્સવ યોજાયો



અમરેલી જિલ્લાના રાજુલા ખાતે આવેલા B A P S સ્વામિનારાયણ મંદિરમાં અન્નકૂટ ઉત્સવ નિમિત્તે ધાર્મિક અને આધ્યાત્મિક માહોલ જોવા મળ્યો હતો. ઉત્સવના ભાગરૂપે ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારની વાનગીઓ અને મિષ્ટાન્નનો ભવ્ય અન્નકૂટ શણગારવામાં આવ્યો હતો. મહુવા BAPS મંદિરના કોઠારી પૂજ્ય વિનમ્ર મુનિ સ્વામી સહિત પૂજ્ય યોગી પુરુષ સ્વામી, વિરાટ કુશલ સ્વામી અને શાંત નયન સ્વામીની ઉપસ્થિતિએ પ્રસંગની શોભામાં વધારો કર્યો હતો.આ અવસરે હરિભક્તોએ પોતાના ઘરે તૈયાર કરેલી વિવિધ વાનગીઓ ભક્તિભાવ સાથે ભગવાનને અર્પણ કરી હતી. અન્નકૂટનાં દિવ્ય દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. ત્યારબાદ યોજાયેલી મહાઆરતીમાં આશરે ૧૨૦૦ જેટલા ભક્તોએ સહભાગી બની ધન્યતા અનુભવી હતી. આરતી પૂર્ણ થયા બાદ રંગબેરંગી આતશબાજી અને આકર્ષક ફાયર શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે ઉત્સવમાં વિશેષ આકર્ષણ ઉમેર્યું હતું.આ સમગ્ર ધાર્મિક આયોજનમાં મંદિરના બાળ, યુવા, મહિલા તથા સંયુક્ત પ્રવૃત્તિના સેવકો અને હરિભક્તોએ ઉત્સાહપૂર્વક જવાબદારી નિભાવી હતી. ભક્તિ, શ્રદ્ધા અને સેવાના ત્રિવેણી સંગમ સમાન આ અન્નકૂટ ઉત્સવ સંતોના આશીર્વાદ સાથે હર્ષોલ્લાસભેર સંપન્ન થયો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જોઈએ છે

શ્રી મહાત્મા ગાંધી ધર્મશાળા માટે

મેનેજરની જરૂર છે.

અનુભવી અને જવાબદાર વ્યક્તિ ની
પ્રથમ પસંદગી ઈચ્છુક ઉમેદવારો
રૂબરૂ સંપર્ક કરી બંધ કવરમાં અરજી
આપી જવી અથવા ઈમેઈલ
એડ્રેસ પર અરજી કરવી

શ્રી મહાત્મા ગાંધી ધર્મશાળા,
રેલવે સ્ટેશનની સામે, સાવરકુંડલા

Email : mahatmagandhidharmshala@gmail.com

કે.કે. NEWS

તારીખ : 17/11/2026

સમૂહખેતી ગામમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજાશે

સ્વ. ભગવાનબાપા કસવાલાના પૌત્ર અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વતન સમૂહખેતી ગામમાં બે દિવસ ઉત્સવનો માહોલ; ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું થશે અનાવરણ

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનું સમૂહખેતી ગામ આગામી ૧૭ અને ૧૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ પ્રસંગનું સાક્ષી બનશે. સમૂહખેતીના પ્રણેતા, ખેડૂત હિતના પ્રખર હિમાયતી અને પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપા કસવાલાની કર્મભૂમિ અને સંકલ્પભૂમિ એવા આ ગામમાં ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી બે દિવસીય પ્રવાસે પધારશે. તેમની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.રાજ્યપાલશ્રીના આગમનને લઈને સમગ્ર સમૂહખેતી ગામમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર, ખેડૂતોના અનુભવો, જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણના જતન સહિતના વિષયો પર માર્ગદર્શન તથા વિચારવિમર્શ કરવામાં આવશે. પ્રાકૃતિક ખેતી અપનાવનારા પ્રગતિશીલ ખેડૂતો પોતાના અનુભવો રજૂ કરશે અને રાજ્યપાલશ્રી સાથે સીધો સંવાદ પણ કરશે.*ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ*સમૂહખેતીના વિચારને સાકાર કરનાર સ્વ. ભગવાનબાપા કસવાલાના ખેડૂત કલ્યાણ અને ગ્રામ્ય વિકાસમાં અમૂલ્ય યોગદાનને કાયમી સ્મૃતિરૂપે જાળવી રાખવાના હેતુથી સમૂહખેતી પ્રાથમિક શાળા સામે સ્થાપિત તેમની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગ ગામના ઈતિહાસ અને ગૌરવમાં એક નવું પ્રકરણ ઉમેરશે.*ગોવિંદ સરોવર'નું ભૂમિપૂજન અને વિવિધ કાર્યક્રમોગામના નિર્માણ અને વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર સ્વ. ગોવિંદબાપા પરસાણાની સ્મૃતિમાં 'ગોવિંદ સરોવર'નું ભૂમિપૂજન પણ રાજ્યપાલશ્રીના હસ્તે કરવામાં આવશે. જળસંચય અને જળસંરક્ષણની દિશામાં આ કાર્ય ગામની ભાવિ પેઢીઓ માટે ઉપયોગી સાબિત થશે.આ ઉપરાંત વૃક્ષારોપણ, ગૌશાળાની મુલાકાત, ગૌપૂજન, તલાવડીની મુલાકાત, સ્વચ્છતા અભિયાન તેમજ પ્રગતિશીલ ખેડૂતોના મોડેલ ફાર્મની મુલાકાત સહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.*રાજ્યના મંત્રીશ્રીઓ અને મહાનુભાવો રહેશે ઉપસ્થિત*આ બે દિવસીય કાર્યક્રમમાં રાજ્યના મંત્રીશ્રીઓ જીતુભાઈ વાઘાણી અને કૌશિકભાઈ વેકરિયા સહિત ધારાસભ્યશ્રીઓ હીરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવીયા તથા જિલ્લા પંચાયતનાં પ્રમુખશ્રી દક્ષાબેન ચોડવડિયા સહિતના મહાનુભાવો,રાજકીય સામાજિક આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં વિશેષ ઉપસ્થિત રહેશે.ઉલ્લેખનીય છે કે સાવરકુંડલા-લીલિયાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા સમૂહખેતીના પ્રણેતા સ્વ. ભગવાનબાપા કસવાલાના પૌત્ર છે અને સમૂહખેતી ગામ તેમનું વતન પણ છે. ત્યારે દાદાશ્રી દ્વારા વાવેલા સમૂહખેતીના વિચારબીજને નવી પેઢી સુધી પહોંચાડવા અને ખેડૂત કલ્યાણના તેમના વારસાને આગળ ધપાવવાની દિશામાં આ કાર્યક્રમ વિશેષ મહત્ત્વ ધરાવે છે.પ્રાકૃતિક ખેતી, જળસંરક્ષણ, પર્યાવરણનું જતન અને સામૂહિક વિકાસના ઉમદા સંકલ્પ સાથે યોજાનારો આ પ્રસંગ સમૂહખેતી ગામ માટે માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ સ્વ. ભગવાનબાપાના વિચારો અને તેમના કૃષિપ્રેમી જીવનકાર્યને સાચી શ્રદ્ધાંજલિ અર્પતો ગૌરવપૂર્ણ અવસર બની રહેશે.

તારીખ : 17/11/2026

અમરેલીમાં જનજાતીય ગૌરવ દિવસની ઉત્સાહભેર ઉજવણી





ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે અમરેલી ખાતે જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકારના સંયુક્ત આયોજન હેઠળ જિલ્લા કક્ષાનો જનજાતીય ગૌરવ દિવસ ઉજવવામાં આવ્યો હતો. શહેરના શાંતિ ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. ભરતભાઈ બોઘરાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ તકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું.આદિવાસી સમાજના હક અને અધિકારો માટે જળ, જમીન અને જંગલની રક્ષા કાજે અંગ્રેજો સામે લડત આપનાર ભગવાન બિરસા મુંડાના જીવનસંઘર્ષ અને અમૂલ્ય યોગદાનને આ પ્રસંગે યાદ કરવામાં આવ્યું હતું. જનજાતીય સમાજના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા શિક્ષણ, આરોગ્ય અને અન્ય ક્ષેત્રોમાં હાથ ધરવામાં આવતી વિવિધ યોજનાઓ અંગે ઉપસ્થિતોને માહિતગાર કરાયા હતા.કાર્યક્રમમાં મેડિકલ કોલેજમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવનાર આદિજાતિ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા રમતગમત ક્ષેત્રે નામના મેળવનાર પ્રતિભાશાળી ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ આદિવાસી સમાજની સમૃદ્ધ પરંપરા, લોકકલા અને સાંસ્કૃતિક વિરાસતની ઝલક રજૂ કરતી નૃત્ય પ્રસ્તુતિઓએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. વનવિભાગ દ્વારા બીજ મેળાનું આયોજન કરી વિવિધ બીજનું પ્રદર્શન પણ રજૂ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆતમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાસુમન અર્પિત કરવામાં આવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી રાજેશકુમાર મૌર્યએ સ્વાગત પ્રવચન દ્વારા સૌનું સ્વાગત કર્યું હતું.આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબહેન માંગરોળિયા, એ.એસ.પી. જયવીર ગઢવી સહિતના પદાધિકારીઓ, વહીવટી અધિકારીઓ, સામાજિક અગ્રણીઓ તેમજ આદિવાસી સમાજના બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 17/11/2026

HAPPY BIRTHDAY



Kishan Bhatt

KD NEWS Broadcast Camera Operator

Mo. 94289 51206

તારીખ : 17/11/2026

સેવા, ભક્તિ અને શ્રદ્ધાના સંગમથી સૌરાષ્ટ્ર બન્યું જલારામમય

વીરપુરમાં દર્શનાર્થે ઉમટ્યા ભાવિકો, ૨૨૭ કિલોની વિશાળ કેક કાપી અને ૨૨૭ કિલો બુંદીના પ્રસાદનું વિતરણ કરાયું



16 નવેમ્બર 2026 સોમવારના રોજ સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુર ખાતે પૂજ્ય સંત શિરોમણી શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતીની ભવ્ય અને ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. મંદિરની બંને બાજુ અંદાજે એક-એક કિલોમીટર સુધી ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. મોટી સંખ્યામાં ભાવિકોએ જલારામ બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને પ્રસાદનો લાભ લીધો હતો.જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે ભાવનગર, જામનગર, જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ગામેગામ અને નગરોમાં પણ ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ સ્થળોએ શોભાયાત્રા, ભજન-કીર્તન, ધૂન, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.આ વર્ષે કારતક સુદ સાતમ અને સોમવારના શુભ સંયોગે જલારામ બાપાની જન્મજયંતિ ઉજવાઈ હતી. જન્મજયંતિની પૂર્વસંધ્યાએ વીરપુરના ચામુંડા ચોક ખાતે જલારામ યુવા ગ્રૂપ દ્વારા રાત્રિના બરાબર ૧૨ વાગ્યે પૂજ્ય જલારામ બાપાની મહાઆરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ જન્મજયંતિના પ્રતીકરૂપે ૨૨૭ કિલોની વિશાળ કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. સાથે જ જ્યોત્સવ સમિતિ દ્વારા ૨૨૭ કિલો બુંદીના પ્રસાદનું ભાવિક ભક્તોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા

નગરપાલિકા સદસ્ય

ક.ડે NEWS

તારીખ : 17/11/2026

ક્રિકેટના 'થલા' ધોનીની IPL કારકિર્દીનો અંત! હવે પીળી જર્સીમાં નવી ભૂમિકા, ચેન્નાઈ સુપર કિંગ્સના મેન્ટર બનશે મહેન્દ્રસિંહ ધોની

17 નવેમ્બર, 2026ના રોજ સત્તાવાર જાહેરાત

ક્રિકેટ જગતમાં કરોડો ચાહકો જે ક્ષણની વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા અને જેની અટકળો સતત ચાલી રહી હતી, તે આખરે હકીકત બની છે. ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી અને ચેન્નાઈ સુપર કિંગ્સના લોકપ્રિય પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ખેલાડી તરીકેની પોતાની કારકિર્દીને પૂર્ણવિરામ આપવાનો નિર્ણય કર્યો છે. મંગળવાર, 17 નવેમ્બર, 2026ના રોજ ચેન્નાઈ સુપર કિંગ્સ દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.જોકે, ધોનીના ચાહકો માટે આ વિદાય સંપૂર્ણ વિદાય નથી. કારણ કે તેઓ હવે IPL 2027થી ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે ટીમ મેન્ટર તરીકે જોડાઈને યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપતા જોવા મળશે. મેદાન પર પોતાની આગવી કેપ્ટનશિપ, શાંત સ્વભાવ અને નિર્ણાયક ક્ષણોમાં અદભુત રમત માટે જાણીતા ધોની હવે પોતાની ક્રિકેટની સમજ અને અનુભવથી ટીમને નવી દિશા



મહેન્દ્રસિંહ ધોનીનો ચેન્નાઈ સુપર કિંગ્સ સાથેનો સંબંધ IPLની પ્રથમ સિઝન એટલે કે વર્ષ 2008થી શરૂ થયો હતો. ટીમે ધોનીને પોતાની કમાન સોંપી હતી અને ત્યારથી તેમણે ચેન્નાઈને માત્ર એક ક્રિકેટ ટીમ તરીકે નહીં, પરંતુ વિશ્વભરમાં વિશાળ ચાહકવર્ગ ધરાવતી ટીમ તરીકે સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.ધોનીની કેપ્ટનશિપમાં ચેન્નાઈ સુપર કિંગ્સે વર્ષ 2010, 2011, 2018, 2021 અને 2023માં એમ કુલ પાંચ વખત IPLનો ખિતાબ જીત્યો હતો. આ ઉપરાંત ટીમે તેમની આગેવાનીમાં બે વખત ચેમ્પિયન્સ લીગ T20નો ખિતાબ પણ મેળવ્યો હતો. IPLમાં પાંચ ખિતાબ સાથે ચેન્નાઈ સુપર કિંગ્સ મુંબઈ ઈન્ડિયન્સ સાથે સંયુક્ત રીતે સૌથી વધુ ખિતાબ જીતનારી ટીમોમાં સામેલ છે. વર્ષ 2016 અને 2017માં ચેન્નાઈ સુપર કિંગ્સ પર પ્રતિબંધ હોવાના કારણે ધોની રાઇઝિંગ પુણે સુપરજાયન્ટ્સ તરફથી રમ્યા હતા. ત્યારબાદ 2018માં ચેન્નાઈની ટીમે IPLમાં વાપસી કરી અને ધોનીની આગેવાનીમાં ફરી એક વખત ચેમ્પિયન બની હતી. કેપ્ટનશિપના અનેક રેકોર્ડ ધોનીના નામેધોનીની કેપ્ટનશિપની વિશેષતા માત્ર ટ્રોફી જીતવા પૂરતી સીમિત નહોતી. દબાણભરી પરિસ્થિતિમાં શાંત રહીને નિર્ણય લેવાની ક્ષમતા, યોગ્ય સમયે બોલરોમાં ફેરફાર, ફિલ્ડિંગની ગોઠવણ અને યુવા ખેલાડીઓમાં આત્મવિશ્વાસ જગાવવાની તેમની શૈલી ક્રિકેટજગતમાં આગવી ઓળખ ધરાવે છે.IPLમાં તેમણે કેપ્ટન તરીકે કુલ 226 મેચોમાં ટીમનું નેતૃત્વ કર્યું હતું અને તેમાંથી 133 મેચમાં જીત મેળવી હતી. આ સાથે તેઓ IPLના સૌથી સફળ કેપ્ટનોમાં અગ્રસ્થાને રહ્યા છે. ચેન્નાઈ સુપર કિંગ્સના માલિક રૂપા ગુરુનાથે ધોનીના નિર્ણય અંગે રસપ્રદ ખુલાસો કર્યો હતો. તેમના જણાવ્યા અનુસાર, IPL 2027 માટે ખેલાડીઓની જાળવણી અને મુક્ત કરવાની યાદી અંગેની ઓનલાઈન બેઠક ચાલી રહી હતી. બેઠકના અંતે જ્યારે ખેલાડીઓનાં નામ વાંચવામાં આવી રહ્યાં હતાં, ત્યારે ધોનીએ ખૂબ જ શાંતિથી પોતાનું નામ પણ મુક્ત થનારા ખેલાડીઓની યાદીમાં ઉમેરવાની વાત કરી હતી.ધોનીના આ નિર્ણયથી ટીમના સભ્યો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રૂપા ગુરુનાથે જણાવ્યું હતું કે ધોની આગામી સિઝનમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી શકશે કે નહીં તે અંગે અગાઉથી વિચારતા હતા. તેઓ ટીમને પોતાની સંપૂર્ણ ક્ષમતા આપી શકે તેમ ન હોય તો મેદાન પર રમવાનું ચાલુ રાખવા માગતા નહોતા.જોકે, ટીમ સાથેનો તેમનો સંબંધ યથાવત્ રહેશે અને હવે તેઓ મેન્ટર તરીકે યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપશે. IPL 2027માં નવી જવાબદારી, યુવા ખેલાડીઓને મળશે માર્ગદર્શનચેન્નાઈ સુપર કિંગ્સ અત્યારે નવી પેઢીની ટીમ તૈયાર કરવાની દિશામાં આગળ વધી રહી છે. આવી સ્થિતિમાં ધોનીનો અનુભવ, રમતની સમજ, વ્યૂહાત્મક આયોજન અને મેદાન પરની પરિસ્થિતિને વાંચવાની ક્ષમતા ટીમ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે.મેન્ટર તરીકે ધોની યુવા ખેલાડીઓને માત્ર ક્રિકેટની ટેકનિક જ નહીં, પરંતુ દબાણમાં કેવી રીતે રમવું, ટીમ ભાવના કેવી રીતે જાળવવી અને મુશ્કેલ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય કેવી રીતે લેવો તે અંગે પણ માર્ગદર્શન આપશે.ચેન્નાઈ સુપર કિંગ્સના માલિક એન. શ્રીનિવાસને ધોની સાથેના સંબંધ અંગે જણાવ્યું હતું કે, 2008માં ધોનીને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય તેમના શ્રેષ્ઠ નિર્ણયોમાંનો એક હતો. ધોની હંમેશાં ચેન્નાઈ સુપર કિંગ્સની ઓળખનો હિસ્સો રહેશે અને ચેન્નાઈ તેમનું ઘર રહેશે. ભારતીય ક્રિકેટને આપેલો અમૂલ્ય વારસોમહેન્દ્રસિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી વર્ષ 2020માં નિવૃત્તિ જાહેર કરી હતી, પરંતુ IPLમાં તેમની સફર ત્યારબાદ પણ ચાલુ રહી હતી. વિકેટકીપર તરીકેની ચપળતા, હેલિકોપ્ટર શોટ, અંતિમ ઓવરોમાં મેચનું પાસું પલટાવવાની ક્ષમતા અને 'કૅપ્ટન કૂલ' તરીકેની ઓળખે તેમને ક્રિકેટપ્રેમીઓના હૃદયમાં વિશેષ સ્થાન અપાવ્યું છે.ધોનીની નિવૃત્તિ સાથે I P L ના એક યાદગાર ખેલાડીના મેદાન પરના યુગનો અંત આવ્યો છે. જોકે, ચેન્નાઈની પીળી જર્સી સાથે તેમનો નાતો તૂટવાનો નથી. હવે તેઓ બેટ અને વિકેટકીપિંગ ગ્લવ્સને બદલે પોતાના અનુભવ અને માર્ગદર્શનથી ટીમને નવી ઊંચાઈએ લઈ જવાનો પ્રયાસ કરશે.મેદાન પરનો ખેલાડી હવે માર્ગદર્શક બનશે, પરંતુ ચાહકોના હૃદયમાં ધોનીનું સ્થાન હંમેશાં અકબંધ રહેશે.'

કે.કે NEWS

તારીખ : 17/11/2026

ગુજરાતના પૂર્વ શિક્ષણ મંત્રી હીરાજી ડામોરનું નિધન, રાજકીય જગતમાં શોકની લાગણી



મેઘરજ તાલુકાના કાલીયાકુવાના વતની, ભાજપના વરિષ્ઠ આગેવાન અને ગુજરાત સરકારના પૂર્વ શિક્ષણ મંત્રી હીરાજી વાલાજી ડામોરનું હાર્ટ એટેકના કારણે નિધન થતાં મેઘરજ તાલુકા સહિત સમગ્ર અરવલ્લી પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે.હીરાજી ડામોરે વર્ષ ૧૯૯૫માં મેઘરજ વિધાનસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી વિજય મેળવ્યો હતો. ત્યારબાદ તેમને ગુજરાત સરકારમાં શિક્ષણ મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. રાજકીય ક્ષેત્રે લાંબા સમય સુધી સક્રિય રહી તેમણે જાહેર જીવનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.તેમના નિધનના સમાચાર પ્રસરતાં રાજકીય વર્તુળો, ભાજપના કાર્યકરો તેમજ મેઘરજ તાલુકાના લોકોમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. તેમના અવસાનથી રાજકીય ક્ષેત્રે એક અનુભવી અને વરિષ્ઠ નેતાની ખોટ પડી હોવાનું લાગણીસભર રીતે વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.હીરાજી ડામોરના નિધનથી રાજકીય જગત અને સામાજિક ક્ષેત્રે ક્યારેય ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. રાજકીય આગેવાનો, કાર્યકરો તથા વિવિધ ક્ષેત્રના લોકોએ તેમના અવસાન અંગે ઘેરા દુઃખની લાગણી વ્યક્ત કરી દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક







અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

— સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ —

નારોલા
લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS


તારીખ : 17/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



PANKTI
RASHMIN BHAI TELI

K.D NEWS

ના પ્લેટફોર્મ પર


જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...


અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો





















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

તારીખ : 17/11/2026

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

"કેન્સરની શરૂઆત છે'
સાંભળી શકાતું નથી..
'સૂર્ય મધ્યાહને છે."
જોઈ શકાતું નથી..
'જીવનનો અંત નજીક છે'
સ્વીકારી શકાતું નથી.. કેટલી
બધી વિષમતા ?"



આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3579
17/11/2026
Tuesday

आत्मा

आप के मुँह से निकले हुये "शब्दो का प्रभाव" आपके ही ऊपर पडता है, क्योकी आपके भितर 70% पानी है, वह पानी उन शब्दो की अच्छी या बुरी ऊर्जा ग्रहण करता है, इसलीये सदैव सकारात्मक ही बोले

श्री स्वामी
17/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

તારીખ : 17/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

પપ્પા: ભણવા બેસ્યો કે નહીં?
દીકરો: હા, પણ પુસ્તક ખોલતાં જ ઊંઘ આવી ગઈ!
પપ્પા: તો પછી શું કર્યું?
દીકરો: પુસ્તક બંધ કર્યું અને ઊંઘને માન આપી દીધું!

મમ્મી: આજે સ્કૂલમાં શું શીખ્યો?
દીકરો: મેડમ કહેતાં હતાં કે સમય બહુ કિંમતી છે!
મમ્મી: તો સમજાયું?
દીકરો: હા, એટલે જ રજા પડતાં જ સમય બગાડ્યા વગર રમવા જતો રહ્યો!

શિક્ષક: જો તારી પાસે ૧૦ ચોકલેટ હોય અને હું ૨ માગું તો કેટલી વધે?
વિદ્યાર્થી: ૧૦ જ!
શિક્ષક: કેમ?
વિદ્યાર્થી: સાહેબ, ચોકલેટ કોઈને આપવાની થોડી હોય! પહેલા જ ના પાડી દઉં!

તારીખ : 17/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

17 નવેમ્બર

મહત્વની ઘટનાઓ

૧૯૪૫ – યુનેસ્કોની સ્થાપના કરવામાં આવી.

૧૯૮૮ –

એક દાયકાથી વધુ સમય બાદ યોજાયેલી પ્રથમ જાહેર ચૂંટણીમાં પાકિસ્તાનમાં મતદારોએ લોકપ્રિય ઉમેદવાર બેનઝીર ભુટ્ટોને પાકિસ્તાનના વડા પ્રધાન તરીકે ચૂંટ્યા.

૧૯૯૭ -

લગભગ ૧૮ વર્ષની કેદ પછી, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇનાએ તબીબી કારણોસર લોકશાહી તરફી, અસંતુષ્ટ વેઇ જિંગશેંગને જેલમાંથી મુક્ત કર્યા.

જન્મ

૧૮૯૦ –

હરિદાસ દત્ત, બંગાળી ક્રાંતિકારી (અ. ૧૯૭૬)

૧૮૯૭ –

ચૌધરી રહેમત અલી, ભારતીય-પાકિસ્તાની શિક્ષણવિદ્ (અ. ૧૯૫૧)

૧૯૧૬ –

શિવકુમાર જોશી, ગુજરાતી સાહિત્યકાર તેમજ નાટ્યકાર.

૧૯૫૫ –

ગિલ્લેર્મો લાસો, ઈક્વેડોરના ઉદ્યોગપતિ અને રાષ્ટ્રપ્રમુખ.

અવસાન

૧૮૮૫ – કરમચંદ ઉત્તમચંદ ગાંધી, મહાત્મા ગાંધીના પિતા. (જ. ૧૮૨૨)

તહેવારો અને ઉજવણીઓ

સહિષ્ણુતા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

તારીખ : 17/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે




હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે



૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે

ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 17/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



94K

60K

44K

100K

સંપર્ક : મો. 94997 97973